# Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer


તા.29/5/2021 /7260

**ડૉ.રાહુલ ગુપ્તા,IAS**
**ઉદ્યોગ કમિશનર**
**ઉદ્યોગ કમિશનરની કચેરી**
**ગાંધીનગર**

**વિષય: તાઉ-તે વાવાઝોડા મીઠા ઉદ્યોગને થયેલ નુકશાનમાં સહાય આપવા અંગે**

સાહેબશ્રી,

આપશ્રી સુવિદિત છો એમ તાઉ-તે વાવાઝોડા દરમિયાન ગુજરાતના મીઠા ઉદ્યોગોને ઘણું મોટું નુકશાન થયેલ છે. મીઠા ઉદ્યોગ માટે ઉનાળાનો સમય સીઝન નો સમય હોય છે ત્યારે વાવાઝોડા ને લીધે અંદાજે 1 એકર થી 100 એકર સુધીનીઅગરિયાઓની જમીનમાં પાણી ફરી વળ્યા છે.વધુમાં  વીજ પોલ તૂટી પડતા અને મીઠાના પાળા તૂટી જવાને લીધે અગરિયાઓને આર્થિક  રીતે ઘણું નુકશાન થયેલ છે. આ સંદર્ભમાં ધી ઇન્ડિયન સોલ્ટ મેન્યુફેક્ચર્સ એસોસિએશન અને સેન્ટ્રલ એન્ડ સાઉથ ગુજરાત સોલ્ટ મેન્યુફેક્ચર્સ એસોસિએશન તરફથી રજુઆત મળેલ છે જેની નકલો આપણા જાણ સારુ અત્રે  બીડેલ  છે.

મીઠા ઉદ્યોગને સહાય મળે તે માટે નીચે મુજબ સૂચનો ધ્યાને લેવા અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે.

- કુદરતી આફતોને લીધે, મીઠા ઉદ્યોગને ફોર્સ મેજીર ક્લોઝ લાગુ પાડવાની મંજૂરી આપવી જોઈએ અને તેને ફોર્સ મેજેર નેચરલ હોનારતનું પ્રમાણપત્ર આપવું જોઈએ.
- મીઠા  ઉત્પાદકોની સરકારી લોયલ્ટીને બે વર્ષ માટે માફ કરવામાં આવવી જોઈએ
- નાના અગરિયાઓને કુટુંબદીઠ ત્વરિત કેશ- ડોલ ની જાહેરાત કરવી જોઈએ.
- વીજ દરના બિલોમાં નવો અને ડીઝલ ઉપર 40% રાહત આપવી જોઈએ.
- મીઠાના તમામ એકમોને એકર દીઠ આર્થિક સહાય આપવી જોઈએ..
- મીઠા ઉદ્યોગની પેન્ડિગ લીઝને તાત્કાલિક રિન્યૂ કરવામાં આવવી જોઈએ અને ભાડાપટ્ટાનો કરાર નવો માનવામાં આવે એવો સરકારી પરિપત્ર બહાર પાડવો જોઈએ.
- મીઠાના એકમોને બેંકમાંથી વ્યાજમુક્ત લોન મળી રહે એવી વ્યવસ્થા કરવી જોઈએ.
- મીઠા ઉદ્યોગને માળખાકીય સુવિધાને લીધે થયેલ નુકશાન જેવી કે એચ .ટી. પાવરલાઇન અને સોલાર સીસ્ટમ માટે સહાય કરવી જોઈએ

આપશ્રી ઉપરોક્ત સૂચનોને ધ્યાનમાં લઇ તાત્કાલિક  ધોરણે જરૂરી પગલાં લેશો તેવી અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

બિડાણ : ઉપર મુજબ
નકલ રવાના :

1. શ્રી વિજયભાઈ રૂપાણી, મુખ્યમંત્રીશ્રી, ગુજરાત સરકાર
2. શ્રી એમ.કે.દાસ, IAS ,અધિક મુખ્ય સચિવ, ઉદ્યોગ અને ખાણ  વિભાગ,ગુજરાત સરકાર
3. શ્રી એમ.એ.અંસારી, ડેપ્યુટી સોલ્ટ કમિશનર,અમદાવાદ
4. ધી ઇન્ડિયન સોલ્ટ મેન્યુફેક્ચર્સ એસોસિએશન
5. સેન્ટ્રલ એન્ડ સાઉથ ગુજરાત સોલ્ટ મેન્યુફેક્ચર્સ એસોસિએશન

# The Indian Salt Manufacturers' Association

**Premier Association of Indian Salt Manufacturers'**
D-202, Titanium Square, S. G. Highway, Thaltej, Ahmedabad - 380054.
Tel: 079 29702012, E-mail: ismaamdavad@gmail.com, office@indiansaltisma.com
Web: www.indiansaltisma.com

**Chairman**
Ashish K. Desai
Cell: +91 98253 20090

**President**
B. C. Raval
Cell: +91 98252 32329
president@indiansaltisma.com

**Vice President**
Shamjibhai Kangad
Cell: +91 98252 25711

Ibrahim (Sultan) Patel
Cell: +91 90990 53200

**Hon. Secretary**
P. R. Dhruve
Cell: +91 98790 11494
secretary@indiansaltisma.com

**Jt. Hon. Secretary**
Vinod Pabari
Cell: +91 98989 71313

**Hon. Treasurer**
Shamji Teja Ahir
Cell: +91 94268 19548

**ISMA/GOG/2021-22/086** **Date: 25th May, 2021**

GCCI 28 MAY 2021

પ્રતિ,
માનનીય મુખ્યમંત્રીશ્રી – ગુજરાત
ત્રીજો માળ, સ્વર્ણિમ સંકુલ - 1,
નવું સચિવાલય,
ગાંધીનગર - 382010.

એડવાન્સ કોપી:
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી – ગુજરાત
માનનીય મંત્રીશ્રી – મીઠા ઉદ્યોગ, ગુજરાત
માનનીય મહેસૂલ મંત્રીશ્રી – ગુજરાત

**વિષય: દરિયાકાંઠાની આપત્તિઓ (ચક્રવાત/વાવાઝોડું, હાઈ ટાઇડ, પૂર અને ભારે વરસાદ) અને ગુજરાતના મીઠા ઉદ્યોગ પર થતી અસર અને "તાઉ-તે" વાવાઝોડાથી થયેલ નુકશાનમાં રાહત જાહેર કરવા બાબત.**

અમો, **ધી ઈન્ડિયન સોલ્ટ મેન્યુફેક્ચર્સ એસોસિએશન (ઈસ્મા)** એ રજિસ્ટર્ડ એસોસિએશન છે, જેની સ્થાપના 1945 થી કરવામાં આવી છે, જે ભારતના તમામ સોલ્ટ ઉત્પાદકોના એસોસિએશનોમાં સૌથી જૂની છે અને મીઠા ઉદ્યોગના વિકાસ અને મીઠા ઉદ્યોગના સામાન્ય પ્રશ્નો માટે કામ કરે છે. રાજ્ય અને કેન્દ્ર સરકારો, રેલ્વે બોર્ડ અને વહાણ મંત્રાલય સહિત ઘણા મંચોમાં મીઠાના નિકાસને સક્રિયપણે પ્રોત્સાહન આપીને અને મીઠાના ઉદ્યોગની સમસ્યાઓનું પ્રતિનિધિત્વ કરીને ઈસ્માએ સોલ્ટ ઉદ્યોગને તેના સાત દાયકાથી વધુ સમયના અસ્તિત્વમાં સતત સેવા આપી છે. લોકશાહી સંસ્થા તરીકે કાર્યરત, ઈસ્મા તેના સભ્યોને મુક્તપણે મંતવ્યો અને સૂચનોની અભિવ્યક્તિને મંજૂરી આપે છે જેથી મીઠા ઉદ્યોગના સંબંધિત મુદ્દાઓ પર સર્વસંમતિ થાય. ઈસ્મા ની સદસ્યતામાં અખિલ ભારતીય પાત્રતા સાથે, ઈસ્માના સહયોગી સભ્યોમાં ઘણાં રાજ્યોના મીઠા ઉત્પાદકોની પ્રાદેશિક મંડળીઓ અને ગુજરાત અને સમગ્ર ભારતમાં સંગઠિત, મધ્યમ અને નાના અને બિન-સંગઠિત મીઠાના એકમો શામેલ છે.

મીઠા ઉત્પાદન એ ચોક્કસ સ્થળ પર થતી પ્રવૃત્તિ છે અને 100% હવામાનના પરિબળ જેવાં કે વરસાદ, તડકો, હવાની ઝડપ, આબોહવામાં ભેજનું પ્રમાણ વગેરે પર આધારિત છે અને મીઠાનાં એકમો ફક્ત સરકારી ભાડાપટ્ટાની જમીન પર સ્થાપિત થયેલા જોવા મળે છે, જે આઝાદી પૂર્વેનો પ્રાચિન ઉદ્યોગ ગણાય છે. જેમાં ગુજરાત સમગ્ર દેશમાં 75% જેટલા ઉત્પાદન સાથે મોખરે છે.



**Regd. Office:** 51-A, Mittal Chambers, 5th Floor, Nariman Point, Mumbai 400 021

મીઠા ઉદ્યોગ / મીઠાની ખેતીને ચીજવસ્તુ અને સ્થાનની સ્થાપના તરીકે ધ્યાનમાં લેતા એ હકીકત છે કે, મીઠા ઉદ્યોગ હંમેશાં માત્ર ચક્વાત (વાવાઝોડા) ને કારણે નહીં પરંતુ તમામ પ્રકારની આફ્તો એટલે કે ચક્વાત, હાઈ ટાઈડ અને ભારે વરસાદ તેમજ પૂર અને ભૂકંપને કારણે (માત્ર આગને બાદ કરતા) હંમેશાં પ્રતિકૂળ અસર પામે છે. આમ, જ્યારે પણ આપત્તિઓ આવે છે ત્યારે સમગ્ર મીઠા ઉદ્યોગને ઓછુ કે વત્તુ પણ નુકશાન તો થાય જ છે.

2. સરળ શબ્દોમાં મીઠા ઉદ્યોગ ને "કુદરતી આફત" નાં કારણે થતા નુકસાનના પ્રકારો સમજવા પણ જરુરી છે.

- તૈયાર થયેલ મીઠાને નુકસાન - એટલે કે રવાનગી માટે તૈયાર મીઠાનાં જથ્થાને થયેલ નુકસાન. જે સામાન્ય સંજોગોમાં અતિશય વરસાદ અને પુર થી થતુ હોય છે.

- મીઠાનાં એકમનું બાંધકામ સરકારી ભાડાપટટાની જમીન ઉપર માટીકામ દ્વારા અને હાર્ડ મોરમથી પાળાઓ બનાવવામાં આવે છે અને જરુરી કેટલાક સીવીલ બાંધકામ પણ જે વિવિધ પ્રકારનાં સાગર પાળા, આંતરીક પાળા, મીઠાનું પ્લેટફોર્મ અને રસ્તા, પમ્પીંગ સ્ટેશન, પાણીની અવરજવર માટેનાં કલ્વર્ટ તેમજ પંપ મોટર અને વોશરી પ્લાન્ટ જેવી મશીનરીને નુકશાન થવાનો પુરો અવકાશ રહેતો હોય છે.

- મીઠા ઉત્પાદનની પ્રક્રિયા 10 મહીના ચાલતી સતત પ્રક્રિયા છે અને જેમાં બાષ્પીભવન (Solar Evaporation) દ્વારા દરીયાનું કે બોરવેલનું ખારા પાણીની ઘનતા વધી અને જે મીઠુ પકવવા માટેનું બ્રાઇન તૈયાર થાય જેને વર્ક ઇન પ્રોગ્રેસ પણ કહી શકાય, કે પછી અનહાર્વેસ્ટેડ મીઠુ અને તેનો જથ્થો સીઝનના કોઇપણ સમયે જે-તે એકમની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા જેટલો જોવા મળે છે. આ બ્રાઇનનો જથ્થો અતિશય વરસાદ કે પૂર જેવી સ્થિતિમાં ઓગળી જવાથી એક મોટા નુકશાનમાં રુપાંતરીત થાય છે. જે સામાન્ય રીતે નજરે દેખાય નહી પરંતુ વૈજ્ઞાનિક પધ્ધતિથી તેનો સચોટ અંદાજ જરુર કાઢી શકાય છે.

- મીઠા ઉધોગ કામદારલક્ષી ક્ષેત્ર હોવાથી અને મોટાભાગનાં મીઠાનાં એકમો અસંગઠીત પ્રકારની શ્રેણીમાં આવતા હોઇ જેમાં ગરીબ અગરીયાઓ તેમનાં 10 એકરનાં મીઠાનાં એકમ ઉપર નિર્ભર હોવાથી વિશેષ નુકશાન તેઓને થવા પામે છે અને તેથી આફત સમયે અગરીયાઓને 100% નુકશાન થતુ હોવાથી તેમનાં આવકનો સ્ત્રોત સતત 1 કે 2 વર્ષ માટે નુકશાનીમાં પરીણમે છે.

ઉપરોક્ત તમામ હકીકતને ધ્યાને લઇ આફતકાળમાં સરકારશ્રીએ આર્થિક સીધી કે આડકતરી રીતે મીઠા ઉધોગને સહાય કરવા અને પુનઃસ્થાપિત કરવા નીચે દર્શાવેલ રાહત જાહેર કરવી જોઇએ.

ક. મીઠા ઉધોગ ભાડાપટટાની જમીન પર સ્થાપિત હોવાથી સીધી નાણાંકીય સહાય કરવાને બદલે સરકારશ્રીએ જમીન મહેસૂલ અને રોયલ્ટી ઉપર 2 વર્ષ માટે ભરણું ભરવામાંથી માફી આપવી જોઇએ.

ખ. મીઠું પકવવા મહદ્ અંશે કાચા માલ તરીકે બળતણ એટલે કે ડીઝલ અને વીજળી મુખ્ય હોઇ સરકારશ્રી દ્વારા વીજ-દર નાં બીલો અને ડીઝલ ઉપર **40%** રાહત જાહેર કરવી જોઇએ તેવું અમારુ મંતવ્ય છે.

ગ. નાના અગરીયાઓ કે જેઓને મહદ્અંશે અને સંપૂર્ણ નુકશાન થયું હોય તેમને સરકારશ્રી દ્વારા કુટુંબદીઠ **Rs.75000/-** ત્વરીત કેશ-ડોલ ની જાહેરાત કરવી જોઇએ અને આગળ ઉપર આર્થિક સહાય માટે **Rs.200000/-** સુધીની વ્યાજમુક્ત લોનની વ્યવસ્થા બેંકો દ્વારા કરવી જોઇએ કે જેથી વાર્ષિક **700-800** ટન મીઠાનું ઉત્પાદન કરી આત્મનિર્ભર બની શકે.

ઘ. સરકારશ્રી દ્વારા મીઠા ઉધોગની માળખાકીય સુવિધાને થયેલ નુકશાન જેવી કે એચ.ટી. પાવરલાઇન અને સોલાર સીસ્ટમ માટે સહાય કરવી જોઇએ.

ચ. પીડાદાયક બાબત એ છે કે જ્યારે જ્યારે આવુ નુકશાન થાય ત્યારે તેને ભરપાઇ કરવા માનો કે સ્વનિર્ભરતા અપનાવી નાણાંકીય સંસ્થા પાસે લોન (ઉછીની આર્થિક સહાય) મેળવવી બહુજ જરૂરી બનતી હોય છે પછી તે સરકાર હોય કે નાણાંકીય સંસ્થા કે જે આવા પ્રકારની સહાય માટે જરુરી દસ્તાવેજ માંગતા હોય છે અને અહી ગુજરાતમાં કે અન્ય કોઇપણ જગ્યાએ મીઠા ઉધોગ માટેનો એકમાત્ર જરુરી દસ્તાવેજ તે "ભાડાપટટાનો કરાર" હોય છે અને ખેદ સાથે જણાવવાનું કે આપણાં જ ગુજરાતમાં મીઠાની ભાડાપટટાની જમીનનાં કરાર **75%** જેટલા રીન્યુ/તાજા કરવાના છેલ્લાં 2 કે તેથી વધુ વર્ષોથી સરકારી તંત્રમાં મહેસૂલ અને અન્ય વિભાગોમાં અગમ્ય કારણોસર પડતર છે અને તેનાં કારણે મીઠા ઉધોગને કમરતોડ ફટકો પડે છે. આથી સરકારશ્રી દ્વારા તાત્કાલીક ધોરણે 2 કે તેથી વધુ વર્ષ માટે ભાડાપટટાનો કરાર તાજો કરવા પડતર હોય તેવાં એકમોની લીઝો નવેસરથી અને ભાડાપટટો તાજો માનવામાં આવે તેવો સરકારી પરીપત્ર બહાર પાડી અને મીઠા ઉધોગને મદદરુપ થવુ જોઇએ જેમાં સરકારને આર્થિક ભારણનો સવાલ ઉપસ્થિત થતો નથી.

ઉપરોક્ત હકીકતને ધ્યાનમાં લઇ રાજ્ય સરકારે વિના વિલંબે મીઠા ઉધોગનાં એસોસીએશન સાથે પરામર્શ કરી તાત્કાલિક કાર્યવાહી કરવાનાં આદેશ આપવા જોઇએ કેમ કે મીઠું એ આમ તો કેન્દ્ર સરકારનો વિષય છે પરંતુ ભાડાપટટાની જમીનને લાગે-વળગે ત્યાં સુધી સંપૂર્ણ રાજ્યનો વિષય બને છે અને તેવા સમયે કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી રાહતફંડમાંથી થયેલ નુકશાનનાં 25% કેન્દ્ર સરકારે અને 75% રાજ્ય સરકારે ભોગવવા જોઇએ.

અંતમાં રાહત અનુભવતા જણાવવાનું કે મીઠા ઉત્પાદકોની સમયસૂચકતા અને કાળજીને લઇને "તાઉ-તે" વાવાઝોડા દરમ્યાન માનવજીવનને કોઇ હાની થયેલ નથી તેવા સમયે મીઠા ઉત્પાદકોને બિરદાવવાનું પણ સરકારશ્રીએ ચુકવું જોઇએ નહી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**ધી ઈન્ડીયન સોલ્ટ મેન્યુફેકચર્સ એસોસીએશન વતીઃ**

**પ્રમુખ**

**<u>નકલ રવાના:</u>**

1. **ઉધોગ કમિશનરશ્રી, ઉધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર.**
2. **પ્રમુખ/સચિવશ્રી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, અમદાવાદ**
3. **શ્રી પંકજ ટીબક, હેડ, ફીક્કી – ગુજરાત સ્ટેટ કાઉન્સીલ, અમદાવાદ**
4. **ડો. વાય. આર. સીંગ, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર, ચેમ્બર ઓફ ઇન્ડીયન ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી, ગાઝીયાબાદ (એન.સી.આર).**
5. **પ્રમુખ/સચિવશ્રી, ગુજરાતનાં મીઠા ઉત્પાદકોનાં પ્રાદેશિક સંગઠનોઃ કચ્છ, જામનગર, ભાવનગર, મોરબી, માળીયા, રાજકોટ, ધ્રાંગધ્રા, હળવદ, પાટડી, સાંતલપુર/પાટણ, દક્ષિણ ગુજરાત, ભરુચ, આણંદ, સુરત વગેરે...**

**(નોંધઃ તમામ અસરગ્રસ્ત વિસ્તારનાં પ્રાદેશીક મીઠા ઉત્પાદકોનાં એસોસીએશનોને જણાવવાનું કે આ સાથે સામેલ નમુના મુજબ મીઠા ઉધોગને થયેલ નુકશાનની વિગત આપનાં જીલ્લા કલેક્ટરશ્રી અને જનરલ મેનેજરશ્રી, જીલ્લા ઉધોગ કેન્દ્રને રજૂ કરી અને તાત્કાલિક ધોરણે થયેલ નુકશાનનું અવલોકન અને અંદાજ કાઢવા જરુરી કાર્યવાહી કરવા વિનંતી)**


# ₹200 crore losses for salt manufacturers in LRK, S Guj

Niyati.Parikh
@timesgroup.com

**Ahmedabad:** With salt manufacturers facing crop erosion worth lakhs of tonnes and infrastructure damage, losses to the tune of Rs 200 crore are predicted according to estimates by Indian Salt Manufacturers' Association (ISMA). The damage is worst in districts including Junagadh, Amreli, Bhavnagar and Bharuch, whereas production-level loss is equally high among salt makers in Little Rann of Kutch (LRK).

Explaining this, Bharat Raval, president, ISMA, said, "No major infrastructure damage has been reported in districts such as Jamnagar, Morbi, Porbandar, Dwarka and Kutch. However, in Amreli, Junagadh, Bhavnagar and Bharuch, the situation is worse because of the heavy rainfall. Coastal areas of these districts experienced at least

File photo



8-inch rainfall in a matter of 10-12 hours. Due to this, a lot of salt (finished product) on the mounds got washed away, which was ready to be dispatched."

**CYCLONE EFFECT**

"Moreover, 75% of the partly crystallised salt lying in the saltpans got washed away completely. This could have been salvaged but with so much excess rainfall and several areas lying unapproachable, the salt production season, which typically lasts till June second week, is now over. Therefore, this is a clear loss of production. This led to a total loss of Rs 115 crore across Gujarat," said Raval.

The cyclone dented an estimated 30 lakh tonnes of salt production. Of this, at least 15 lakh tonnes was washed away whereas the remaining is the loss due to short-termination of the season.


Loss to infrastructure included damage to sheds, and a bit of damage to the machinery as well, according to ISMA estimates. With some 9,800 salt manufacturing units across the state, Gujarat contributes 75% of India's total salt production.

March-May is the peak salt production season and therefore a lot of salt which has been crystalised and readied for dispatch is kept in the form of mounds in the open grounds. While saltpans along the coastal belts are still approachable and keep moving the stock from time to time, those in the LRK don't shift stock out of the desert, resulting in significant loss.

Time-city

# Rain washes out 30 lakh tonnes of salt

Niyati.Parikh
@timesgroup.com



**Ahmedabad:** The unseasonal rainfall brought by Tauktae to Gujarat on Tuesday has caused a loss of 30 lakh tonnes of salt.

At least 15 lakh tonnes lying on salt mounds in various parts of the state couldn't be moved ahead of the cyclone and was destroyed, according to Indian Salt Manufacturers' Association (ISMA). The remaining 15 lakh tonnes will be the production loss as the salt production season is now curtailed. The salt production season typically lasts from October to the initial half of June, roughly 8-8.5 months.

"There was more than 5 inches of rainfall in various parts of Saurashtra and the entire stock of harvested salt could not be moved from the salt mounds," said Bharat Raval, president, ISMA. "This is a clear loss of labour. Moreover, with such heavy rainfall, the remaining salt production season has been completely wiped out." Raval said more salt production cannot be achieved as the land will take time to dry. "Before the onset of the monsoon, the process will not be completed," he said.

According to estimates, salt manufacturing is gravely impacted in the coastal belts of Amreli, Junagadh, Bhavnagar, and Bharuch districts. "The situation was more or less the same in Maliya taluka of Morbi district, which is one of the salt production hubs in the state," said Dilubhai Jadeja, president, Maliya Salt Manufacturers' Association. "We are yet to assess the damage to the infrastructure because heavy rainfall has rendered the roads to the desert hinterlands unapproachable," Jadeja added. "But a lot of stock of salt is bound to get washed away." The adverse impact came as a double whammy for salt manufacturers who were already reeling from production shortfall due to a delayed salt production season. Gujarat produces at least 75% of the total salt in India. The salt production season typically lasts from October up to the second week of June. In 2019-20, Gujarat produced 1.9 crore tonnes of salt and this year, the production was expected to decline by 20% due to the delayed season. The figure will further reduce by 15% as a consequence of the washout caused by Tauktae.

## ડિસેમ્બરમાં આવેલા માવઠાની અસર બાદ વધુ એક ફટકો

# વાવાઝોડામાં મીઠા ઉદ્યોગને વ્યાપક અસર : અંદાજે 30 કરોડનું નુકસાન

## મીઠા ઉત્પાદનની સિઝન પૂર્ણતાના આરે : પાકો માલ પલળ્યો

ભાવનગર | 19 મે

ભાવનગર જિલ્લાના મહત્વપૂર્ણ ઉદ્યોગોની યાદીમાં સમાવિષ્ઠ મીઠા ઉત્પાદન ઉદ્યોગને તાઉતે વાવાઝોડાને કારણે વ્યાપક નુકસાન પહોંચ્યુ છે. જો કે મીઠા કામદારોને સમયસર સલામત સ્થળોએ ખસેડી લેવામાં આવ્યા હોવાથી જાનહાની નિવારી શકાઈ છે, પરંતુ ઉદ્યોગને પ્રાથમિક અંદાજ પ્રમાણે 30 કરોડનું નુકસાન થયું છે.

ડિસેમ્બર-2020માં ભાવનગરમાં માવઠુ થયું હતુ અને તેના કારણે મીઠાના અગરમાં વરસાદી પાણી ઘૂસી ગયા હતા અને તૈયાર માલ પણ વરસાદમાં વહી ગયો હતો. હજુ તો મીઠા ઉત્પાદકોને આ ઘટનાની કળ વળી ન હતી ત્યાં તાઉતે વાવાઝોડું ત્રાટક્યુ.

ઉત્પાદનની સીઝન હવે માત્ર 25થી 30 દિવસ બાકી છે, પરંતુ મીઠાના અગરમાં વરસાદના પાણી ઘૂસી ગયા છે, તેથી પકવેલા પાણીની સાથે તે મિશ્રિત થઈ ગયુ છે. તેથી હવે આ ઉત્પાદન નિષ્ફળ ગયેલુ માની શકાય. ઉપરાંત ફિલ્ડમાં તૈયાર થઈ ચૂકેલા મીઠાના જથ્થા પૈકી 15 ટકા જથ્થો વરસાદી પાણીમાં વહી ગયો છે, અને નુકસાનગ્રસ્ત થયો છે. આમ ઉદ્યોગને બેવડો માર પડ્યો છે.

મીઠું પકવતા અગરના સ્થળોએ શેડ-પતરા, માટીના પાળા, આંતરિક રસ્તા, ઇલેક્ટ્રિક થાંભલા બધુ મેદાન મેદાન થઈ ગયુ છે. આ બધામાંથી ઉદ્યોગ ક્યારે બહાર આવશે તે કહેવું પણ મુશ્કેલ છે.

### 6 મહિનામાં બીજી વખત ઉદ્યોગને થપાટ

“ભાવનગર જિલ્લાના મીઠા ઉત્પાદન ઉદ્યોગને ડિસેમ્બર-2020માં આવેલા માવઠા બાદ માત્ર 6 મહિનામાં બીજી વખત ભરપાઈ ન થઈ શકે તેવું મોટું નુકસાન થયું છે. 30 ટકાથી વધુ ઉત્પાદનને અસર પહોંચી છે. શેડ, પતરા, પાળા,. રસ્તા તૂટી ગયા છે. કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

» સંતોષભાઈ કામદાર, અગ્રણી, ભાવનગર જિલ્લા સોલ્ટ મેન્યુફેક્ચરિંગ એસો.,

### પ્રતિ દિન 10 હજાર ટન મીઠાનું ઉત્પાદન ઠપ્પ

મીઠા ઉત્પાદન ઉદ્યોગમાં ચોમાસાની સિઝનમાં ઉત્પાદન બંધ હોય છે. હાલ સિઝન ચાલી રહી હતી અને પૂર્ણતાના આરે છે. ભાવનગરમાં સરેરાશ 10 હજાર ટન પ્રતિદિન મીઠાનું ઉત્પાદન થાય છે. હજુ 30 દિવસ આ ઉદ્યોગ બેઠો થઈ શકે તેમ નથી. અંદાજે 30 કરોડનું નુકસાન છે. તૈયાર માલને પણ અનરાધાર વરસાદ અને ભારે પવનને કારણે 15ટકા જેવું નુકસાન થયું છે.

# ખારાઘોડાના 100થી વધુ અગરોમાં પાણી ફરી વળતા નુક્સાની


## કાદવ-કીચડથી રસ્તા બંધ ? ત્રણ લાખ ટન મીઠું હજુ અગરમાં, વરસાદ પડે તો માઠી: હળવદ પંથકમાં મીઠાંના અગરો ધોવાઇ ગયા

■ અંબુ પટેલ

ખારાઘોડા, તા.૨૦: ગુજરાતમાંથી તૌક્તે વાવાઝોડું વિતી ગયાને બે દિવસ પસાર થઇ ગયા છે, દરિયાકાંઠામાં વાવાઝોડાંએ વ્યાપક અને ભારે તારાજી સર્જી છે. જોકે તેની અસરથી કચ્છનું નાનું રણ પણ બાકાત રહ્યું નથી. રણમાં ખૂબ કાદવ-કિચડ થયો છે એટલે રસ્તાં બંધ છે. છતાં અગરિયાઓએ પગપાળા અને ટ્રેક્ટર દ્વારા રણમાં જવાની શરૂઆત કરી દીધી છે.

ઝીંઝુવાડા અને ખારાઘોડામાં સો કરતા વધારે મીઠાંના પાટામાં વરસાદી પાણી ફરી વળ્યું છે. અગરિયાઓ માટે કિંમતી જણસ સોલાર પેનલ ગણાય છે. કેટલાક અગરિયાઓની પેનલો વાવાઝોડાંમાં ઉખડીને દૂર ફંગોળાઇ જતા નુક્સાની વેઠવાનો વખત આવ્યો છે.

મીઠાંની સીઝન હવે અંતિમ તબક્કામાં છે. આશરે સાડા નવ લાખ ટન મીઠું ખારાઘોડાં સ્ટોરેજ સેન્ટર સુધી પહોંચી ગયું છે. હજુ ત્રણેક લાખ ટન કરતા વધારે મીઠું રણમાં પડ્યું હોવાનો અંદાજ છે. જોકે હવે વરસાદ ખાબકે તો મોટું નુક્સાન થવાનો ભય હોવાથી અગરિયાઓનો જીવ પડીકે બંધાયો છે.



વાવાઝોડાની રાતે રણશાળાની બસ અગરિયાઓનો આશરો બની.

કચ્છનું નાનું રણ પાંચ હજાર કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું છે. જ્યાં નુક્સાની વ્યાપક છે. હળવદ પંથકના અગર વિસ્તારમાં આશરે ત્રણ લાખ ટન મીઠાંના ધોવાણ પછી અગરિયાઓના મોંમાં આવેલો કોળિયો ઝૂંટવાઇ જતા નુક્સાનનું વળતર આપવાની રજૂઆત કરતું આવેદન પણ વિરમભાઇ પરમાર અને અગરિયાઓ દ્વારા સરકારમાં આપવામાં (જુઓ પાનું ૧૦)

## થાનના સિરામિક ઉદ્યોગને વીજળી વેરણ થતા નુક્સાન

(ફૂલછાબ ન્યૂઝ)

રાજકોટ, વઢવાણ, તા.૨૦: વાવાઝોડાંએ ખેતીની સાથે ઉદ્યોગોમાં પણ નુક્સાન વેર્યું છે. વાંકાનેર અને થાન પંથકમાંથી પસાર થયેલા વાવાઝોડાંએ સિરામીક ઉદ્યોગને વ્યાપક નુક્સાન કર્યું છે. જોકે મોરબીના સિરામિક ઉદ્યોગને નુક્સાન નથી.

વાવાઝોડાંને કારણે થાન પંથકમાં અસંખ્ય થાંભલા પડી ગયા છે. પરીણામે વીજળી વેરણ થઇ ગઇ છે. આમ સિરામિકના કારખાનાઓને ફરજિયાતપણે ભઠ્ઠીઓ બંધ કરવી પડી છે. હવે આવી ભઠ્ઠીઓ ઝડપથી ચાલુ થઇ શકે તેમ નહીં હોવાથી પ્રાથમિક તબક્કે રૂ. ૬૦ કરોડનું નુક્સાન થયું હોવાનો અંદાજ છે. હજુ વીજળી આવે તેવી શક્યતા નહીં હોવાથી ઉદ્યોગકારો ગાંધીનગર સુધી રજૂઆત કરવા દોડી ગયા છે. બીજી તરફ મોરબીના સિરામિક ઉદ્યોગમાં કોઇ

(જુઓ પાનું ૧૦)

## Fwd: FW: heavy damages to Bharuch District salt industry due to cyclone.

**sg GCCI** <sg@gujaratchamber.org> Thu, May 20, 2021 at 12:57 PM
To: Tanmay Mehta <asg@gujaratchamber.org>, gad2 gcci <gad2@gujaratchamber.org>

Yogendrakumar Trivedi
Secretary General
Gujarat Chamber of Commerce and Industry
Shri Ambica Mills,
Gujarat Chamber Building,
Ashram Road,
Ahmedabad - 380009.
Phone No: 079 2658 2306 Email id sg@gujaratchamber.org
Web: www.gujaratchamber.org

GCCI
21 MAY 2021
Inw. No. 386

---------- Forwarded message ---------
From: **parag sheth** <parag@ambicasalt.com>
Date: Thu, May 20, 2021 at 12:52 PM
Subject: FW: heavy damages to Bharuch District salt industry due to cyclone.
To: Isma Office <office@indiansaltisma.com>
Cc: <grsma.salt@gmail.com>, <ksssma1984@gmail.com>, <kutch.asson@gmail.co>, <president@gujaratchamber.org>, <sg@gujaratchamber.org>, <Pankaj.tibak@ficci.com>, Isma President <president@indiansaltisma.com>, <shamji@gmail.com>, <info@bhavnagarslat.com>

---

**From:** parag sheth [mailto:parag@ambicasalt.com]
**Sent:** 20 May 2021 12:14 PM
**To:** 'secy-ipp@nic.in' <secy-ipp@nic.in>; 'comind@gujarat.gov.in' <comind@gujarat.gov.in>; 'comm-msme@guj.gov.in' <comm-msme@guj.gov.in>
**Cc:** 'dsc.ahd-gj@gov.in' <dsc.ahd-gj@gov.in>; 'gm-dic-bha@gujarat.gov.in' <gm-dic-bha@gujarat.gov.in>; 'collector-bha@gujarat.gov.in' <collector-bha@gujarat.gov.in>
**Subject:** FW: heavy damages to Bharuch District salt industry due to cyclone.
**Importance:** High

**Dear Dr G, Mahapatra Sir, IAS**

Secretary, DPIIT,

Govt of India,

New Delhi,

Gujarat is affected badly due to Cyclone during 17th & 18Th May, 2021. The 110 km/hour wind velocity and continuous 4 to 6 inch heavy rain during cyclone has ruined the overall area.

Sir, you are aware that labour oriented salt industry is located in most interior coastal area of Bharuch district and the salt industry is most affected due to this cyclone in the Bharuch district. The cyclone has occurred in summer when the salt production was in its peak.

We are submitting a report of the damages for your kind consideration. We are expecting following relief from your end :

01. To sanction an ex gratia grant of Rs.5,000 per acre to salt manufacturers of Bharuch District.

02. To sanction interest free loan of Rs.5,000 per acre from bank to Salt Manufacturer.

03. The industry should be declared as the most damaged MSME units under natural calamity and

force majeure clause.

Sir, you are always supportive to salt industry in the past, kindly give us the relief proposed above in the difficult time.

**Parag Sheth**

**General Secretary,**

**Central South Salt Manufacturers' Association.**

**+91 9998014005, parag@ambicasalt.com**

CC To :

**Dr Rahul B Gupta, IAS,** Industries Commissioner, Gandhinagar, Gujarat State

**Shri Ranjeeth Kumar J., IAS**, Commissioner MSME, Gandhinagar, Gujarat State.

**Dr M D Modiya, IAS,** The Collector, Bharuch

The General Manager, District Industries Centre, Bharuch.

# Central & South Gujarat Salt Manufacturers' Association

Subject: Report on damages of Salt Industries due to TAUKTE cyclone.

17th and 18th of May 2021, TAUKTE cyclone has badly affected the salt industries in Bharuch District. For the very first time, a cyclone of this magnitude has hit the industry during its peak production season i.e., in the middle of summer. We have observed that the cyclone pored 4-6 inch of rain accompanied by strong wind of 110kms/hr and above, causing severe damages to the earth work of the salt pans & infrastructure.

With the visionary actions of our government, with the proactive action of local government authorities and support of the salt industry personnel, there have been no causalities and we are highly thankful for the situation.

Due to the cyclone, we have observed the following damages and losses:

The area in question assures more than 25,000 M.T. of salt production on a daily basis till the 15th of June. However, due to the rains we have lost those crucial days. Hence the result in major production is washed out. The loss of salt production is estimated at 7,50,000 M.T.

To kick start the salt production, we would require 45-60 days to make high density brine, which is impossible to achieve under these circumstances and as the monsoon will start within one month. This would result in production loss estimated at 20 percent in the opening of salt season next year i.e., around 5 to 6 lakh M.T. of salt production loss.

The wind speed and heavy unexpected rain has damaged the bunds, ponds, production crystallizers and roads of the salt works. The estimated damage to earth work due to soil erosion can be estimated at 50 percent. This damage is estimated at Rs.10,000 per acre. Bharuch district has more than 40,000 acres of salt pan land whose estimated loss is estimated at Rs.40 to 50 crores.

Apart from the above damages. the cost of other damages to electricity supply poles, electric wiring & lines, labor quarters cement sheet etc. cannot be quantified.

Keeping in mind the above reality, we are requesting the government to provide us with the below mentioned reliefs. Upon receiving the relief, we are confident to bounce back and cater salt to industries. Dependent on salt.

- Due to this natural calamity, the salt industry should be considered force majeure and should be granted force majeure natural calamity certificate.

- A relief of Rs.5000 per acre should be granted to all the salt units of Bharuch District.

- Also, the salt units should be granted an interest free loan of Rs. 5,000 per acre, from banks.

- Further, Bharuch District salt manufacturers should also be exempted from royalty for 2 years.

We are confident that this labour intensive industry situated in the remote areas will bounce back with full force with your gracious help and you be the knight in shining armor in our times of struggle.

Thanking you,

Parag Sheth
General Secretary,
Central South Guj Salt Manufacturers' Association.
parag@ambicasalt.com